# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

**************************************************

1) અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ માટે સરકારે ઉચ્ચસ્તરીય બહુપક્ષીય સમિતિની રચના કરી

2) **નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે 34 બોઇંગ 787 વિમાનોનું વિસ્તૃત નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો**

3) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સાયપ્રસ, કેનેડા અને ક્રોએશિયાની પાંચ દિવસની મુલાકાતે જશે.**

4) **કૈલાશ માનસરોવર યાત્રાળુઓનો પહેલો જથ્થો આવતીકાલે સિક્કિમની રાજધાની ગંગટોક પહોંચશે.**

5) **મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET UG 2025 ના પરિણામો આજે જાહેર કરાયાં.**

6) **દક્ષિણ આફ્રિકાએ લોર્ડ્સ ખાતે ઓસ્ટ્રેલિયાને હરાવીને વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2025 ફાઇનલ જીતી**

..........................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PLANE CRASH COMMITY FORM

અમદાવાદ વિમાન દુર્ઘટનાના કારણોની તપાસ માટે સરકારે એક ઉચ્ચ સ્તરીય બહુપક્ષીય સમિતિની રચના કરી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે આ સમિતિ આવી ઘટનાઓને રોકવા અને તેનો સામનો કરવા માટે જાહેર કરાયેલ વર્તમાન માનક સંચાલન પ્રક્રિયાઓ અને માર્ગદર્શિકાઓની તપાસ કરશે.

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ વિમાન દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને કહ્યું છે કે તપાસ ચાલુ છે. વિમાન છસો પચાસ ફૂટની ઊંચાઈએ ખરાબ થયું હતું અને પાયલોટે કટોકટીની જાણ કરી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલય આ અકસ્માતના દરેક પાસાની તપાસ કરી રહ્યું છે. સમિતિને ત્રણ માસમાં સંપૂર્ણ અહેવાલ સોંપવા જણાવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# NAYDU AHMEDABAD PLAN CRASH

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે ભારતીય વિમાન કાફલામાં 34 બોઇંગ 787 વિમાનોનું વિસ્તૃત નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. આમાંથી આઠ વિમાનોનું તાત્કાલિક નિરીક્ષણ કરવામાં આવ્યું છે.

આજે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા શ્રી નાયડુએ જણાવ્યું હતું કે ઘટનાની તપાસ માટે વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોની એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી રહી છે. ગૃહ સચિવ આ સમિતિના અધ્યક્ષ રહેશે.

શ્રી નાયડુએ જણાવ્યું હતું કે વિમાન દુર્ઘટના પછી તરત જ , વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો સક્રિય કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે તપાસ બ્યુરોએ વિમાનનું બ્લેક બોક્સ શોધી કાઢ્યું છે. પીડિતોની ઓળખ કરવા અને તેમના મૃતદેહો પરિવારોને સોંપવા માટે ડીએનએ પરીક્ષણો કરવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# OVERALL PLANE CRASH

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ માં સમીક્ષા બેઠક યોજી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. મંત્રીએ કોલ્ડ સ્ટોરેજ રૂમની પણ મુલાકાત લીધી હતી જ્યાં મૃતદેહો રાખવામાં આવ્યા છે. દરમિયાન, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ડીએનએ મેચિંગની પ્રક્રિયા ચાલી રહી છે. સિવિલ હોસ્પિટલના અધિકારીઓએ ડીએનએ નમૂનાઓના આ ધારે અત્યાર સુધીમાં નવ પીડિતોની ઓળખ કરી છે. અમદાવાદ સિવિલના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ રજનીશ પટેલે મીડિયાને જણાવ્યું હતું કે આજે મૃતદેહો પરિવારોને સોંપવામાં આવશે. હાલમાં હોસ્પિટલમાં લગભગ 8 ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે અને તેમાંથી એકની હાલત ગંભીર છે. બીજે મેડિકલ કોલેજના અધિકારીઓએ દુર્ઘટના સ્થળની નજીક સ્થિત હોસ્ટેલ ખાલી કરાવવાનો નિર્ણય લીધો છે.

ફાયર ટીમોએ આજે એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટના સ્થળના પાછળના ભાગમાંથી બીજો મૃતદેહ શોધી કાઢ્યો છે, જે એક એર હોસ્ટેસનો હોવાની શંકા છે. આ ઘટનામાં વિમાનમાં સવાર 241 લોકો, મેડિકલ વિદ્યાર્થીઓ અને સ્થાનિક રહેવાસીઓ સહિત 250 થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા.

દરમિયાન, કોંગ્રેસના પ્રમુખ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા, મલ્લિકાર્જુન ખડગે એ, સિવિલ હોસ્પિટલ માં ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી હતી. અને વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

. . . . . . .

# FREE AMBULANCE SERVICE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના પાર્થિવ દેહની સોંપણી અંગેની મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે . પાર્થિવ દેહને ઘર સુધી બાય રોડ પહોંચાડવા માટે સરકારી તંત્ર દ્વારા નિઃશુલ્ક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે . સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોષીએ જણાવ્યું કે મૃતદેહ સ્વીકારવા આવતા સ્વજનોએ પોતાની અને મૃતકની ઓળખ માટેના દસ્તાવેજો સાથે લાવવા જરૂરી છે.

જે પરિજનો પાર્થિવ દેહને અન્ય રાજ્ય કે દેશમાં હવાઈ માર્ગે લઈ જવા માગતા હોય, તેમને એર ઇન્ડિયા દ્વારા સંપૂર્ણ મદદ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# RUPANI FUNERAL

DNAની કામગીરી પૂર્ણ થયા બાદ ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગિય વિજય રૂપાણીના પાર્થિવદેહને રાજકોટ લઈ જવામાં આવશે . રાજકોટમાં સ્વર્ગિય વિજય રૂપાણીની અંતિમ ક્રિયાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે . સ્થાનિક તેમજ સૌરાષ્ટ્રના ભાજપના નેતાઓ પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીના પારસ સોસાયટી સ્થિત નિવાસસ્થાને એકઠા થઈ રહ્યા છે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સાયપ્રસ , કેનેડા અને ક્રોએશિયાની પાંચ દિવસની મુલાકાત માટે રવાના થશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ , મુલાકાતના પ્રથમ તબક્કામાં , શ્રી મોદી રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સના આમંત્રણ પર સાયપ્રસ પહોંચશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.......

**(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ત્રણ દેશોની મુલાકાત સાયપ્રસથી શરૂ થશે. બે દાયકામાં ભારતીય પ્રધાનમંત્રીની સાયપ્રસની આ પ્રથમ મુલાકાત હશે. આ મુલાકાત એટલા માટે મહત્વની છે કે સાયપ્રસે કાશ્મીર , સરહદ પાર આતંકવાદ અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારા પર ભારતના વલણને સતત સમર્થન આપ્યું છે. પ્રધાનમંત્રી મોદી 16 મી જૂને G-7 સમિટમાં ભાગ લેવા માટે કેનેડા જશે. સમિટમાં, શ્રી મોદી મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે અને અનેક દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. મુલાકાતનો છેલ્લો પડાવ ક્રોએશિયા હશે , જે ભારતીય પ્રધાનમંત્રીની ક્રોએશિયાની પ્રથમ ઉચ્ચ-સ્તરીય મુલાકાત હશે. ક્રોએશિયા ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરમાં સંભવિત ભાગીદાર છે. આ મુલાકાત ભારત-ક્રોએશિયા સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.
(રાજા દુરાઈના અહેવાલ સાથે આકાશવાણી અમદાવાદથી અજય ઈન્દ્રેકર.)

. . . . . . . . . . . . . . .

# KAILASHMAN SAROWAR YATRA

કૈલાશ માનસરોવર યાત્રાળુઓનો પહેલો જથ્થો આવતીકાલે સિક્કિમની રાજધાની ગંગટોક પહોંચશે. મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ નાથુ લા પાસથી યાત્રાને લીલી ઝંડી આપશે. પાંચ વર્ષના અંતરાલ પછી આ યાત્રા 20 જૂનથી શરૂ થઈ રહી છે. પર્યટન અને નાગરિક ઉડ્ડયન વિભાગના અધિક મુખ્ય સચિવ સીએસ રાવે આકાશવાણી સમાચારને જણાવ્યું હતું કે યાત્રાળુઓનો દરેક સમૂહ 11 થી 12 દિવસમાં કૈલાશ માનસરોવર યાત્રા પૂર્ણ કરશે.

. . . . . . . . . . . . . . . .

# NTA-NEET UG 2025 RESULT

મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET UG 2025 ના પરિણામો આજે જાહેર કરવામાં આવ્યા છે. સ્કોર કાર્ડ પરીક્ષાની સત્તાવાર વેબસાઇટ - ntaneet.nic.in પર ઉપલબ્ધ છે. ઉમેદવારો તેમના સ્કોર કાર્ડ ડાઉનલોડ કરી શકે છે અને સત્તાવાર વેબસાઇટ દ્વારા મેરિટ લિસ્ટ પણ ચકાસી શકે છે. 4 મેએ યોજાયેલી NEET પરીક્ષા દેશના 552 શહેરોમાં અને વિદેશના 14 શહેરોમાં 5 હજાર 400 થી વધુ કેન્દ્રો પર 22 લાખથી વધુ વિદ્યાર્થીઓએ આપી હતી. જેમાં રાજસ્થાનના મહેશ કુમારે પ્રથમ ક્રમ મેળવ્યો છે જ્યારે મધ્યપ્રદેશના ઉત્કર્ષ અવધિયા અને મહારાષ્ટ્રના કૃષાંગ જોશી અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે આવ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# BIHAR ECI SVEEP

બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે વ્યાપક મતદાર જાગૃતિ અભિયાન અને SVEEP પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ચૂંટણી પંચે આજે પટનામાં સરકારી મીડિયા એકમો સાથે બેઠક યોજી હતી.

ચૂંટણી પંચના સચિવ સંતોષ કુમાર , સહાયક નિયામક અપૂર્વ કુમાર સિંહ અને રાજ્ય ચૂંટણી વિભાગના અધિક સચિવ માધવ કુમાર સિંહે ચૂંટણીપંચ દ્વારા શરૂ કરાયેલા 23 નવા મુખ્ય ચૂંટણી સુધારાઓના વિવિધ પાસાઓ વિશે અધિકારીઓને માહિતી આપી હતી.

અપૂર્વ કુમાર સિંહે જણાવ્યું હતું કે ઓછા મતદાન ધરાવતા વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન ટકાવારી વધારવા માટે ખાસ મતદાર જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# IRAN - ISRAEL WAR

ઇઝરાયલ અને ઈરાને એકબીજા પર મિસાઇલોથી હુમલો કર્યો છે. આ હુમલા તેલ અવીવ , જેરુસલેમ અને તેહરાનમાં કરવામાં આવ્યા હતા. ઇઝરાયલના મિસાઇલ હુમલાના જવાબમાં , ઈરાને ઇઝરાયલના અનેક ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. આ હુમલાઓમાં ત્રણ લોકો માર્યા ગયા અને દસથી વધુ ઘાયલ થયા. બીજી તરફ , ઈરાનના સરકારી મીડિયાએ અહેવાલ આપ્યો કે ઇઝરાયલી હુમલાઓમાં ઈરાની સશસ્ત્ર દળોના જનરલ સ્ટાફના બે ડેપ્યુટી કમાન્ડર માર્યા ગયા છે.

ઈરાન પર ઈઝરાયલના હુમલામાં વરિષ્ઠ લશ્કરી અધિકારીઓ સહિત ઓછામાં ઓછા 78 લોકો માર્યા ગયા છે. ઈરાનના વિમાનીમથક અને એર નેવિગેશન કંપનીએ આગામી સૂચના સુધી દેશભરમાં તમામ ઉડ્ડાનો સ્થગિત કરવાની જાહેરાત કરી છે. ઇઝરાયલનું બેન ગુરિયન આંતરરાષ્ટ્રીય વિમાનમથક પણ બંધ છે. દરમિયાન , ઈરાને અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સને ચેતવણી આપી છે કે તેહરાનના જવાબી હુમલાઓને રોકવામાં ઈઝરાયલને મદદ ન કરે. ઈરાનના મીડિયા અહેવાલ અનુસાર , જો આ દેશો ઈઝરાયલને ટેકો આપશે , તો તેહરાન આ પ્રદેશમાં સ્થિત લશ્કરી ઠેકાણાઓ અને જહાજોને નિશાન બનાવશે.

. . . . . . . . . . . . . . . .

# AMERICA – IRAN

ઈરાને પરમાણુ મુદ્દા પર વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે વાટાઘાટો કરવાનો ઇનકાર કર્યો છે. ઈરાને કહ્યું છે કે ઈઝરાયલના અત્યાર સુધીના સૌથી મોટા લશ્કરી હુમલા પછી તેહરાનના પરમાણુ કાર્યક્રમ પર અમેરિકા સાથે વાટાઘાટો નિરર્થક છે.

મીડિયા અહેવાલો અનુસાર , ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાઘેઈએ કહ્યું છે કે પરમાણુ મુદ્દા પર વાટાઘાટો અને ઈરાનને નિશાન બનાવવાની ઈઝરાયલની પરવાનગી એકસાથે થઈ શકે નહીં. અગાઉ , ઈરાને ઈઝરાયલના હુમલામાં અમેરિકાની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો , પરંતુ વોશિંગ્ટને આ આરોપને નકારી કાઢ્યો હતો.

અમેરીકા-ઈરાન પરમાણુ વાટાઘાટોનો છઠ્ઠો રાઉન્ડ ગઈકાલે ઓમાનના મસ્કતમાં યોજાવાનો હતો. પરંતુ , તેના પરમાણુ કાર્યક્રમનો બચાવ કરતા , ઈરાને કહ્યું છે કે તેનો યુરેનિયમ સંવર્ધન કાર્યક્રમ ફક્ત નાગરિક હેતુઓ માટે છે.

. . . . . . . . . . . . . . . .

# CRICKET

દક્ષિણ આફ્રિકાએ 27 વર્ષમાં પ્રથમ વખત ICC ખિતાબ જીત્યો છે , દક્ષિણ આફ્રિકાએ લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઓસ્ટ્રેલિયાને હરાવીને વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ફાઇનલ 2025 જીતી હતી. એડન માર્કરામે યાદગાર સદી ફટકારી હતી અને કેપ્ટન ટેમ્બા બાવુમાએ ઈજા છતાં અડધી સદી ફટકારી હતી , જેના કારણે દક્ષિણ આફ્રિકાએ ચોથા દિવસે 282 રનનો પડકારજનક લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. રબાડાએ બોલ સાથે શાનદાર પ્રદર્શન કર્યું અને મેચમાં નવ વિકેટ લીધી.

. . . . . . . . . . . . . . . .